# મહાનગર સેવા સદન, જુનાગઢ
## ફાયર શાખા
## જાહેર નોટીસ--૨૦૨૦–૨૧

મહાનગર સેવા સદન
જુનાગઢ

રાજ્ય સરકાર દ્વારા ફાયર એકટ – ૨૦૧૩ થી રાજ્ય સરકાર તરફથી ફાયર એકટ બનાવવામા આવેલ છે .ફાયર એકટ – ૨૦૧૩ અંતર્ગત ફાયર એકટની જોગવાઇ અંતર્ગત તથા B.P.M.C. 1949 ની કલમ ૪૫૮ નીચે જાણાવેલ બિલ્ડીગ બાયલોઝના પ્રકરણ –૩ ના કલોઝ – ૮ તથા ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન નંબર ૧૭) ૨ (અને ૧૮) ૨ ( અનુસાર હાઇરાઇઝ બિલ્ડીંગોમાં ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેકશન સિસ્ટમ લગાવવી મેઇન્ટેઇન કરવી તથા ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેકશનનાં નિયમોનું પાલન કરવું ફરજીયાત છે.

ધી ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ -૨૦૧૩ ની કલમ -૧૮ મુજબ ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેકશન સિસ્ટમ લગાવવી, કાર્યરત રાખવી, તેનું ફાયર ખાતા પાસે ઇન્સપેક્શન કરાવી જરૂરી સર્ટીફિકેટ )નો – ઓબ્જેકશન (મેળવવાની સંપુર્ણ જવાબદારી જે – તે માલિક /ઓર્ગેનાઇઝર /બિલ્ડર /ડેવલપર્સ /ચેરમેન /સેક્રેટરી /મેમ્બર તથા વપરાશકર્તાની રહેતી હોય છે.

હાઇરાઇઝડ બિલ્ડીંગ (પ્રવર્તમાન નિયમ મુજબ ૧૫ મીટર કરતા ઉંચાઇના તમામ બિલ્ડીંગ – રેસીડેન્સીયલ કમ કોમર્શિયલ, કોમર્શિયલ) લો રાઇઝ ( ૧૫ મીટરની નીચેની ઉંચાઇના) બિલ્ડીંગો / પબ્લિક ગેધરીંગ / સ્પેશ્યલપ્રકારના હોસ્પિટલ બિલ્ડીંગો / સિનેમા મલ્ટીપ્લેક્ષ / મોલ /તમામ પ્રકારની ફેક્ટરીઓ / વેર હાઉસ / ગોડાઉનના માલિક / ઓર્ગેનાઇઝર / બિલ્ડર / ડેવલપર્સ / ચેરમેન / સેક્રેટરી / મેમ્બર તથા વપરાશકારને આ જાહેર નોટીસ આપી જણાવવામા આવે છે કે, તેઓએ આ જાહેરનોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦(ત્રીસ) દિવસમા ફાયરપ્રિવેન્શન એન્ડ પ્રોટેકશન સિસ્ટમ ઇન્સ્ટોલ કરી કાર્યરત કરાવવી. તથા જે જગ્યાએ ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેકશન સિસ્ટમ લગાવેલ હોય તેઓએ ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેકશન સિસ્ટમ કાર્યરત છે તે બાબતનું સર્ટીફિકેટ (નો – ઓબ્જેકશન) અગ્રિમતાના ધોરણે (તાકિદના ધોરણે) સમય મર્યાદામાં મેળવી લેવાનું રહેશે.

**-: નામદાર હાઇકોર્ટના આદેશ અનુસાર :-**

(૧) હાઇરાઇઝડ બિલ્ડીંગ (પ્રવર્તમાન નિયમ મુજબ ૧૫ મીટરના વધુ ઉંચાઇના તમામ બિલ્ડીંગ – રેસીડેન્સીયલ, રેસીડેન્સીયલ કમ કોમર્શિયલ, કોમર્શિયલ),

(૨) લો રાઇઝ (૧૫ મીટરથી નીચેની ઉંચાઇના) તમામબિલ્ડીંગો,

(૩) પબ્લિક ગેધરીંગ / સ્પેશ્યલ પ્રકારના બિલ્ડીંગો / હોસ્પિટલ / સિનેમા હોલ / મલ્ટી પ્લેક્ષ / મોલ / તમામ પ્રકારની ફેક્ટરીઓ / વેર હાઉસ / ગોડાઉન ખાતે ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેકશન સિસ્ટમ ઇન્સ્ટોલ કરાવી, કાર્યરત કરાવી ફાયર શાખા પાસે ઇન્સ્પેકશન કરાવી ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેકશન બાબતનું સર્ટીફિકેટ મેળવવાનું રહેશે.

જૂનાગઢ મહાનગરપાલિકા હદ વિસ્તારમા આવતી ઉપરોક્ત તમામ હાઇરાઇઝ બિલ્ડીંગ ( પ્રવર્તમાન નિયમ ૧૫ મીટરથી વધુ ઉંચાઇના તમામ બિલ્ડીંગ, રેસીડેન્સીયલ, રેસીડેન્સીયલ કમ કોમર્શિયલ, કોમર્શિયલ) , લો રાઇઝ (૧૫ મીટરથી નીચેની ઉંચાઇના) બિલ્ડીંગ / પબ્લિક ગેધરીંગ / સ્પેશ્યલ પ્રકારના બિલ્ડીંગો / હોસ્પિટલ / સિનેમા હોલ / મલ્ટી પ્લેક્ષ / મોલ / મેરેજ કોમ્યુનીટી હોલ/ઓડીટોરીયમ ,ફ્યુઅલ પંપ /શૈક્ષણિક સંસ્થાઓ/ટ્યુશન ક્લાસીસ /હોસ્ટેલો / બેંકો તથા નાણા સંસ્થાઓ/ તમામ પ્રકારની ફેક્ટરીઓ / વેર હાઉસ / ગોડાઉન ના માલિક / ઓર્ગેનાઇઝર / બિલ્ડર / ડેવલપર્સ / ચેરમેન / સેક્રેટરી / મેમ્બર તરફથી ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેકશન સિસ્ટમ ઇન્સ્ટોલ કાર્યરત કરાવવી જરૂરી ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેકશન બાબતનું સર્ટીફિકેટ (નો- ઓબ્જેકશન) સક્ષમ સત્તા પાસે મેળવવામા આવશે નહી, તેમજ તે માટેના ફાયર એકટની જોગવાઇ મુજબ નિયમોનું પાલન કરવામા આવશે નહીં અને આગ /જાનહાની કે હોનારત કે અકસ્માત સર્જાશે અને આવા સમયે જૂનાગઢ મહાનગરપાલિકા તરફથી મેનેજમેન્ટ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે અને જેને કારણે પડનાર હાડમારી કે મુશ્કેલીઓની તેની સંપુર્ણ જવાબદારી મેનેજમેન્ટની રહેશે.

**(તુષાર ડી.સુમેરા IAS)**
**કમિશનર**
**મહાનગરપાલિકા, જુનાગઢ**

મહાનગરપાલિકા, જૂનાગઢ